


# લઘુમતિઓને ગુમરાહ કરવાની નીતિ છોડવા મોદીનું સૂચન

## કોંગ્રેસે ગુજરાતનું ભલુ કર્યુ જ નથી, વિકાસમાં રોડા નાંખ્યા : વડાપ્રધાન મનમોહનસિંહના ગુજરાતને બદનામ કરતા ભાષણનો મુખ્યમંત્રીનો ખૂલ્લો પડકાર : કુપોષણની વિરુદ્ધ ગુજરાતે છેક ૨૦૦૭થી લડતા શરૂ કરી

અમદાવાદ, તા.૯

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ચૂંટણી પ્રચાર દરમિયાન આજે વડાપ્રધાન મનમોહનસિંહના ગુજરાતને બદનામ કરતા ભાષણને પડકાર ફેંક્યો હતો. મોદીએ કહ્યુ હતુ કે કોંગ્રેસે ક્યારેય ગુજરાતનું ભલુ કર્યુ નથી. હંમેશા વિકાસમાં રોડા નાંખ્યા છે. વિકાસના અધિકારો પડાવી લીધા છે. મોદીએ કહ્યુ હતુ કે ગુજરાતના વિકાસ માટે ચિંતા કરી હતો તો રાજ્યને બદનામ કરવાના બદલે વિકાસના નવા મુદ્દા આપ્યા હોત. કુપોષણની સમસ્યા માટે કેન્દ્ર સરકારને પડકાર ફેંકતા જણાવ્યું હતુ કે ગુજરાતે તો ૨૦૦૭થી કુપોષણ સામેની લડાઈની પહેલ કરી છે. મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે કોંગ્રેસ લઘુમતિઓને ફરી ગુમરાહ કરવાની વોટબેંકની રાજનીતિ અપનાવી રહી છે. ગુજરાત સૌથી શાંત અને સલામત રાજ્ય હોવાનો દાવો મોદીએ કર્યો હતો. અહંકારના સાતમા આસમાને રાચતી કોંગ્રેસને ગરીબોની કોઈ ચિંતા નથી. મનમોહનસિંહે ગુજરાતની ચૂંટણી સભામાં રાજ્યમાં અસંતુલિત વિકાસ અંગે ભાજપ સરકાર પર કરેલા આક્ષેપોને પડકારતા જણાવ્યું હતુ કે ૪૦ વર્ષમાં કોગ્રેસે ગુજરાતનું કેવું ભલું કર્યુ છે તે જનતા ખુબ સારી રીતે જાણે છે. ગુજરાત વિરોધી માનસિકતાથી કોંગ્રેસ ગ્રસ્ત છે. મોદીએ વાસંદામાં વડાપ્રધાનના ભાષણ સામે આક્રોશભર્યો પ્રતિભાવ આપતા જણાવ્યું હતુ કે ગુજરાતમાં આવીને વિકાસ માટે બદનામ કરનાર સોનિયાજી, મનમોહનસિંહ અને કોંગ્રેસના પ્રધાનોને જનતા પ્રશ્ન કરે છે કે ગુજરાતને વિવિધ ક્ષેત્રોમાં ઉત્તમ વિકાસ માટેના એવોર્ડ કેન્દ્ર સરકારે જ આપ્યા છે. મોદીએ બપોર બાદ વાગરા અને સેલંબા-સાગબારામાં તથા વલસાડમાં ભાજપની જંગી સભાઓને સંબોધી હતી અને કહ્યુ હતુ કે છેલ્લા ૧૦ વર્ષમાં નર્મદાની પાઈપલાઈન અને કેનાલોથી ૭૦૦૦ ઉપરાંતના ગામો અને ૧૩૦ શહેરોને સરકારે પાણી પહોંચાડ્યુ છે. કોંગ્રેસે નર્મદા યોજના રોકવા માટેના બધા જ પેંતરા રચીને ગુજરાતને તરસે મારવાનું કામ કર્યુ છે. મોદીએ કહ્યુ હતુ કે પ્રધાનમંત્રીજીને ખબર નહીં હોય કે કોંગ્રેસના રાજ્યમાં આદિવાસીઓ માટે માત્ર ચાર ટકા ઘરમાં પાણીના નળ હતા. આજે ૯૪ ટકા આદિવાસીઓના ઘરોમાં નળના જોડાણ છે. પીવાના પાણી આદિવાસીઓ માટે હેડપમ્પ દ્વારા આપવાનું કોંગ્રેસનું કામ હતુ તેમાં ભ્રષ્ટાચાર થયો હતો. ગુજરાતમાં ૧૦ લાખ યુવાનોને બેકાર બનાવ્યા એવા વડાપ્રધાનના આક્ષેપને પડકારતા મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે દેશમાં સૌથી ઓછી બેકારી ધરાવતું એક માત્ર રાજ્ય ગુજરાત છે. ગુજરાતમાં ઔદ્યોગિક, કૃષિ અને આર્થિક પ્રગતિના કારણે દેશના ખૂણે ખૂણેથી યુવાનો ગુજરાતમાં રોજીરોટી માટે આવેલા છે. કેરળમાં ૪૫ લાખ અને મહારાષ્ટ્રમાં ૨૯ લાખ યુવાનો બેકાર છે. ગુજરાતમાં બેકારીનો દર માત્ર એક ટકા છે. અલ્પ સંખ્યકોની સ્થિતિ સુરક્ષિત નથી તેવી વડાપ્રધાનની ટીકાનો જવાબ આપતા મોદીએ જણાવ્યું હતુ કે મહારાષ્ટ્ર કોંગ્રેસ સરકારની પોલીસની હેરાનગતિથી ત્રાસીને મુંબઈના મુસ્લિમ પરિવારની બે બહેનોએ ગુજરાતમાં આવીને વસવાનું પસંદ કર્યુ હતુ અને એમ પણ કહ્યુ હતુ કે મુંબઈ કરતા ગુજરાત તેમના માટે સલામત છે. કેન્દ્ર સરકારે જ નીમેલી સાચર કમિટીએ ગુજરાતના લઘુમતિઓની સ્થિતિ અન્યો કરતા ઉત્તમ હોવાની વાત કરેલી છે.

### આજે મુખ્યમંત્રી બાયડમાં જાહેર સભા સંબોધશે

બાયડ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકામાં માર્કેટયાર્ડ ખાતે આજે ૧૦મી ડિસેમ્બરને બપોરે ૧ કલાકે ચૂંટણીસભાને સંબોધશે.

રાજ્યની વિધાનસભા ચૂંટણીના પ્રચારપ્રસાર માટે જિલ્લે જિલ્લે સભાઓને સંબોધતા અને હાઈટેક પ્રચારથી ચર્ચામાં રહેતા મુખ્યમંત્રી આજે બાયડના માર્કેટયાર્ડમાં વિશાળ જનમેદીને રૂબરૂમાં સંબોધન કરશે. બપોરે ૧ કલાકે યોજાનાર આ જાહેર સભાની પૂર્વ તૈયારીઓને જિલ્લા ભાજપના આગેવાનો આખરી ઓપ આપી રહ્યા છે. જિલ્લા ભાજપના આગેવાનોએ એવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો છે કે નરેન્દ્ર મોદીની આ જાહેર સભામાં વિશાળ જનમેદની હાજર રહેશે.

### વડાપ્રધાને શું કહ્યું.......

અમદાવાદ, તા.૯

- વિભાજનાત્મક રાજકારણથી ગુજરાતને મુક્ત કરવાનો સમય આવી ગયો છે
- ભાજપ શાસિત ગુજરાતમાં લઘુમતિઓ સુરક્ષિત નથી
- યુપીએ સરકારે ગુજરાતને આપેલા નાણાંનો ઉપયોગ કરાયો નથી
- ગુજરાતમાં ૧૦ લાખથી વધારે યુવાનો બેરોજગાર છે
- ગુજરાત સમૃદ્ધ રાજ્ય હોવા છતાં ૫૫ ટકા મહિલાઓ કુપોષણનો શિકાર છે
- રાજ્યસરકારની બેદરકારીના કારણે આદિવાસી બાળકો ભણવામાં પાછળ રહ્યા છે
- સમાજ અને દેશને વિભાજિત કરવાના પ્રયાસ કરાઈ રહ્યા છે
- કોંગ્રેસે હંમેશા લોકોના હિતમાં અને લોકોને સંગઠિત રાખવાનું કામ કર્યુ છે
- સમાજમાં જરૂરિયાત વાળા લોકો સુધી વિકાસના લાભ પહોંચ્યા નથી
- ગુજરાતના લોકોમાં વિશેષ ક્ષમતા હોવાથી વિકસિત રાજ્ય
- ગુજરાતના વિકાસની આધારશીલા ૭૦ના દશકમાં કોંગ્રેસ સરકારે મૂકી હતી

## સૌરાષ્ટ્રમાં પાણીની સમસ્યા મોદી માટે મોટી સમસ્યારૂપ

અમદાવાદ, તા.૯

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે રાજ્યના સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં પાણીની કટોકટી આ વખતે ચૂંટણીમાં મુખ્ય મુદ્દો બનેલો છે. કારણ કે લોકો આ સમસ્યાને લઈને છેલ્લા ૧૦ વર્ષથી કોઈ પણ પગલા ન લેવાતા નારાજ દેખાઈ રહ્યા છે. લોકોમાં એવી ચર્ચા છે કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી માટે સૌરાષ્ટ્રમાં પાણીની સમસ્યા વિકટ સમસ્યા ઉભી કરી શકે છે. પરિણામો પર પણ અસર કરી શકે છે. સૌરાષ્ટ્ર એક એવી જગ્યા છે જ્યાં કોઈ પણ બારો માસ નદી નથી. અહીં વરસાદ પણ સરેરાશ થાય છે. આ જ કારણસર સૌરાષ્ટ્રમાં વર્ષોથી પાણીનું સંકટ રહે છે. રાજકોટમાં જેતપુર વિસ્તારના લોકોનું કહેવું છે કે સરકાર આ મહત્વપૂર્ણ મુદ્દાનો ઉકેલ લાવવામાં વ્યસ્ત બનેલી છે. ક્ષેત્રમાં પીવાના પાણી અને સિંચાઈના પાણીનું સંકટ ઉભુ થઈ ગયુ છે. સૌરાષ્ટ્ર ક્ષેત્રોના શહેરો અને ગ્રામીણ વિસ્તારમાં રહેનાર લોકો માને છે કે જળ સંકટના કાયમી ઉકેલ માટે કોઈ પણ પગલા રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યા નથી. આ ક્ષેત્રમાં સાત જિલ્લાઓ રાજકોટ, જુનાગઢ, ભાવનગર, પોરબંદર, જામનગર, અમરેલી અને સુરેન્દ્ર નગર છે. આમા પાણીની પૂરતો પૂરવઠો પહોંચતો નથી. ભાવનગર, રાજકોટ, જામનગર, જુનાગઢ અને સુરેન્દ્ર નગર લોકોને એક દિવસના અંતરે પાણી મળે છે.

અલબત્ત આ પણ ૨૦થી ૩૦ મીનીટ સુધી પાણી આવે છે. નાના શહેરો અને મોટા વિસ્તારોમાં સ્થિતિ વધુ ખરાબ છે. ગરિયાધારમાં ત્રીજા દિવસે પાણી આવે છે. જ્યારે શિહોરમાં લોકોને દર બીજા દિવસે પાણી મળે છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં વિધાનસભાની ૫૪ બેઠકો છે. જ્યારે સમગ્ર રાજ્યમાં ૧૮૨ બેઠકો છે. ગુજરાતમાં સરકારના નિર્માણમાં સૌરાષ્ટ્રની ભૂમિકા મહત્વની છે. આ બેઠકો માટે ૧૩મી ડિસેમ્બર માટે મતદાન યોજાનાર છે. રાજ્યમાં બે તબક્કામાં ચૂંટણી યોજનાર છે. પ્રથમ તબક્કો ૧૩મી ડિસેમ્બર જ્યારે બીજા તબક્કામાં ૧૭મી ડિસેમ્બરે મતદાન યોજાનાર છે. નર્મદા બંધ યોજનાની નહર નેટવર્કનું નિર્માણ પણ ધીમી ગતિએ ચાલી રહ્યુ છે. નર્મદાને રાજ્યની જીવાદોરી સમાન ગણવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં પાણીની જટિલ સમસ્યાને ઉકેલવા માટે પ્રયાસો ચોક્કસપણે થયા છે પરંતુ ઉકેલ આવી શક્યો નથી. અન્ય મોટા પીવાના પાણીના પ્રોજેક્ટ કલ્પસરના અમલીકરણને લઈને પણ ધીમી કામગીરી છે. મળેલી માહિતી મુજબ નર્મદા ડેમ પર કુલ ૭૪૬૨૪ કિલોમીટર લાંબી કેનાલ નેટવર્કપૈકી ૧૯૮૮૫ કિલોમીટર નેટવર્ક ઉપર જ કામકાજ થયુ છે જે કુલ કામના ૨૭ ટકાની આસપાસ છે. મોદીને સૌરાષ્ટ્રમાં પાણીની સમસ્યા મુશ્કેલીમાં મુકી શકે છે. આ વિવાદને ઉકેલવા માટે ચોક્કસપણે પ્રયાસો શોધી કાઢવા માટે અનેક વખત ખાતરી અપાઈ છે પરંતુ નક્કર માહિતી મળી શકી નથી.

### પરિવર્તન પાર્ટી (અનુ. મોરચા)નું સ્નેહમિલન આજે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત પરિવર્તન પાર્ટી (અનુ.મોરચા)ના ઉપક્રમે ગાંધીનગરમાં વસતા અનુસૂચિત જાતિના તમામ લોકોનું સ્નેહમિલન સંમેલન આજ રોજ સાંજે ૬.૦૦ કલાકે આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે. આ સંમેલન વિક્રમભાઈ ચૌહાણ પ્રદેશ મંત્રી, જીપીપી તથા અન્ય આગેવાનોની ઉપસ્થિતિમાં યોજવામાં આવશે. જેમાં તમામ અનુસૂચિત જાતિના ભાઈ-બહેનોને ઉપસ્થિત રહેવા ગુજરાત પરિવર્તન પાર્ટી (અનુ.મોરચાના પ્રદેશ મહામંત્રી મધુકર પરમાર અને મહિલા મોરચાના પ્રદેશમંત્રી શ્રીમતી બકુલાબેન એન. પરમારે અપીલ કરેલ છે.

# ભાજપના ચાર-કોંગ્રેસના પાંચ દિગ્ગજોનો જંગ


## જીપીપીના બે નેતાઓ પણ રાજકારણના મેદાનમાં નસીબ અજમાવી રહ્યાં છે:ચર્ચા એવી થાય છે કે આ ઇલેવન ઉમેદવારો મુખ્યમંત્રી પદના દાવેદારો પણ બની શકે છે

**(ગૌતમ પુરોહિત દ્વારા)**

**ગાંધીનગર,તા.૯**

ક્રિકેટ મેચમાં ૧૧ ખેલાડીઓ કૌવત બતાવતા હોય છે તેમ ગુજરાતના રાજકારણમાં આ ૧૧ ખેલાડીઓ જીતના નિશાના ઉપર દાવ અજમાવી રહ્યાં છે. આ વખતે એક વર્તમાન અને બે પૂર્વ મુખ્યમંત્રી રાજકારણના મેદાનમાં છે. શક્યતા છે કે આ વખતે ત્રણેય દિગ્ગજો વિધાનસસભામાં એન્ટ્રી લેશ અને ત્રણેયનું ગોત્ર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ છે. ટીમ ગુજરાતના આ ખેલાડીઓ હાથ જોડીને મત માગવા નિકળ્યા છે. ટીમ ઇલેવનમાં ભાજપના ચાર, કોંગ્રેસના પાંચ અને જીપીપીના બે ઉમેદવારો છે.

**ખેલાડી નંબર વન**




મણિનગરમાંથી ત્રીજીવાર ચૂંટણી લડી રહેલા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ભાજપના લિડર છે કે જેઓ પહેલાં મુખ્યમંત્રી બન્યા હતા રાજકોટથી વિધાનસભાની પેટા ચૂંટણી લડ્યા હતા. તેમણે કોંગ્રેસના અશ્વિન મહેતાને ૧૪૭૦૦ મતોથી હરાવ્યા હતા. મોદીએ ૨૦૦૨માં કોંગ્રેસના યતિન ઓઝાને ૭૫૩૩૩ અને ૨૦૦૭માં કોંગ્રેસના દિનશા પટેલને ૮૭૧૬૧ મતોથી હરાવ્યા હતા. રાજ્યના તમામ મુખ્યમંત્રીઓને મળેલી લીડ કરતાં મોદીની લીડ સૌથી વધુ છે. હવે તેમની સામે સસ્પેન્ડેડ આઇપીએસ ઓફિસર શ્વેતા સંજીવ ભટ્ટ મેદાનમાં છે.

**ખેલાડી નંબર ટુ**



ગુજરાતમાં ચૂંટણી લડ્યા વિના મુખ્યમંત્રી બનેલા બીજા મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ રાધનપુરની પેટા ચૂંટણીમાં ૧૫૦૦૦ની લીડ મેળવી હતી. તેમણે ભાજપના શંકર ચૌધરીને હરાવ્યા હતા. ૧૯૯૫માં તેમણે બળવો કરીને કેશુભાઇ પટેલની અને ૧૯૯૬માં સુરેશ મહેતાની સરકારને તોડી હતી.૧૯૯૮માં ચૂંટણી થઇ ત્યારે તેમની રાજપાને માત્ર ચાર બેઠકો મળી હતી. આ નેતા ચાર વખત એમપી રહી ચૂક્યાં છે. તેમણે અડવાણી માટે ગાંધીનગર લોકસભાની બેઠક ખાલી કરી આપી હતી. લોકસભાની છેલ્લી ચૂંટણી તેઓ ગોધરાથી હારી ગયા હતા.

**ખેલાડી નંબર થ્રી**



હોમટાઉન વિસાવદરમાંથી ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઇ પટેલ ચૂંટણી લડી રહ્યાં છે. ૧૯૯૫માં તેમણે કોંગ્રેસના કેશુભાઇ આંબલિયાને ૩૭૭૨૦ મતોથી હરાવ્યા હતા. તેમની ટક્કર ભાજપના કનુભાઇ ભાલલા સાથે છે, જેઓ એક સમયે કેશુભાઇના સમર્થક રહ્યાં છે. કેશુભાઇ બે વખત મુખ્યમંત્રી રહ્યાં છે.

**ગુજરાતની ટીમ ઇલેવન**

**ખેલાડી નંબર ફોર**




બે વખત વિરોધપક્ષના નેતા રહી ચૂકેલા શક્તિસિંહ ગોહિલની મૂળ બેઠક નવા સિમાંકનના કારણે બદલાઇ ચૂકી છે. ૨૦૦૭માં તેમણે જીતુ વાઘાણીને ૭૧૩૪ મતોથી હરાવ્યા હતા, હવે તેમનો મુકાબલો ભાવનગર ગ્રામ્ય બેઠક ઉપર ભાજપના કોળી મંત્રી પુરુષોત્તમ સોલંકી સાથે છે. ફાઇટ ટફ છે.

**ખેલાડી નંબર ફાઇવ**



પોરબંદર ગાંધીજીની ભૂમિ છે. છેલ્લી બે ચૂંટણી લડી ચૂકેલા હાલના કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ ભાજપના બાબુ બોખિરીયાને ૪૪૦૦ મતોથી હરાવ્યા હતા. ભાજપે ફરીથી બાબુભાઇને ટીકીટ આપી છે તેથી આ બેઠક ફાઇટમાં છે, કોઇ કરિશ્મા જ મોઢવાડિયાને હરાવી શકે છે.

**ખેલાડી નંબર સીક્સ**



ધોરાજી એ હાલના સંસદસભ્ય વિઠ્ઠલ રાદડિયાનો ગઢ છે. કોંગ્રેસના સૌરાષ્ટ્રના એકમાત્ર મજબૂત પટેલ નેતાએ ભાજપના હરિભાઇ પટેલને ૧૨૩૯૧ મતોથી પરાસ્ત કર્યા હતા. ભાજપે ફરીથી પૂર્વ સાંસદને ટીકીટ આપી છે.

**ખેલાડી નંબર સેવન**



ગોંડલની બેઠક ઉપર ત્રિપાંખિયો જંગ છે. ગુજરાત પરિવર્તન પાર્ટીના ગોરધન ઝડફિયા, ભાજપના જયરાજસિંહ જાડેજા અને એનસીપીના ચંદુભાઇ વઘાસિયા મેદાનમાં છે. ગોરધનભાઇની સામે ઉભેલા બે નેતાઓ આ બેઠક ઉપરથી ધારાસભ્ય બની ચૂક્યાં છે.

**ખેલાડી નંબર એઇટ**



અમિત શાહ એ ભાજપમાં મોટું માથું છે. કોંગ્રેસના ગઢમાં ગાબડું કેમ પાડવું તે સારી રીતે જાણે છે. સોહરાબુદ્દીન એનકાઉન્ટર કેસમાં જેલ જઇ આવેલા આ નેતાની સરખેજ બેઠકનું વિભાજન થતાં તેમના ભાગે નારણપુરાની બેઠક આવી છે. બેઠક નવી છે પણ મતદારો જૂના છે. સરખેજમાં તેમણે ૨૦૦૭માં કોંગ્રેસના શશીકાન્ત પટેલને ૨.૩૫ લાખની વિક્રમી લીડથી હરાવ્યા હતા.

**ખેલાડી નંબર નાઇન**



ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ પ્રદેશ પ્રમુખ સિદ્ધાર્થ પટેલ તેમના પિતા સ્વ.ચીમનભાઇની બેઠક પરથી ચૂંઠણી લડી રહ્યાં છે.તેમણે ૨૦૦૭માં ભાજપના બાલકૃષ્ણ પટેલને ૧૨૯૫૦ મતોની સરસાઇથી હરાવ્યા હતા. આ સીટ તેમના માટે હોમટાઉન છે.

**ખેલાડી નંબર ટેન**



આનંદીબેન પટેલ ભાજપમાં મહિલા ધારાસભ્ય અને સિનિયર મંત્રીનું સ્થાન ભોગવે છે. પાટણ બેઠકમાં ૨૦૦૭માં ચૂંટણી જીતવા મહા મહેનત કરવી પડી હતી. તેઓએ કોંગ્રેસના ઉમેદવાર કાન્તિલાલ પટેલને ૬૦૦૪ મતોથી હરાવ્યા હતા, તેમના માટે આ બેઠક સલામત ન હોવાથી તેમણે અમદાવાદની નવી બનેલી ઘાટલોડિયાની બેઠક પસંદ કરી છે.

**ખેલાડી નંબર ઇલેવન**



સૌરભ પટેલ માટે મોદીને સહાનુભૂતિ છે. તેમને વડોદરાની નવી અકોટા બેઠક આપી છે. એનસીપીના નબળા ઉમેદવાર સામે કોંગ્રેસે ગઠબંધન તોડીને તેના ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે. ભાવનગરના બોટાદમાંથી માત્ર ૩૧૮૮ મતોની સરસાઇથી તેઓ ચૂંટણી જીત્યા હતા. આ વખતે તેમના માટે આ સીટ સલામત ન હતી, તેથી બેઠક બદલી છે.